ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૯૨ ટકા

# શહેરમાં ગુણકારી જાંબુનું આગમન

ગાંધીનગર, તા.૨૫
કેરી બાદનું સિઝનલ ફળ એટલે જાંબુ. રથયાત્રા સમયથી જ જાંબુ બજારમાં દેખાઈ રહ્યા છે. જેમ જુદા જુદા પ્રાંતના રાજાઓ હતા તેવી જ રીતે ફળોમાં પણ જુદા જુદા રંગમાં તે રંગના રાજા હોય છે એમ જ કાળા રંગના ફળોનો રાજા જાંબુ છે. સ્વાદમાં તુરા અનેખાટા જાંબુ શહેરના વૃક્ષો અને માર્કેટમાં દેખા દઈ રહ્યા છે. આયુર્વેદમાં દરેક સિઝનલ ફ્રુટ ખાવાના ગુણ જણાવ્યા છે તેમ જાંબુ પણ અનેક રીતે ગુણકારી છે.

જાંબુ પિત્ત અને કફ મટાડનાર છે. જાંબુનો રસ પાચક અને મૂત્રસ છે. જાંબુમાં આર્યન, કેલ્શિયમ, ફોલિક એસિડ અને વિટામીન સી હોય છે. ૧ કિલો જાંબુમાં ૨૫૧ કેલરી, ૧૪ ટકા કાર્બોહાઈડ્રેટ, ૦.૨૩ ગ્રામ ફેટ અને ૦.૬ ફાઈબર રહેલું છે. જાંબુ ડાયજેશિયન માટે દાંત, પેટ, ચહેરા અને પથરી માટે ફાયદા મંદ છે. જાંબુમાં રહેલા પોટેશિયમને લીધે હાર્ટએટેક, હાઈ બીપી અને સ્ટ્રોક સામે રક્ષણ મળે છે. જાંબુ લોહીમાં સાકરની માત્રા ઓછી કરે છે તેનો ચહેરા પર લગાડવાથી તેજ વધે છે. કાનમાં પરું આવતું હોય તો જાંબુના રસના કે તેના પાનના રસના બે ટીંપા નાંખવાથી રાહત થાય છે.

શહેરના આયુર્વેદીક ડોકટર કેદાર ઉપાધ્યાયના જણાવ્યા અનુસાર જાંબુમાં વીટામીન સી અને આર્યન રહેલું છે જે ઈમ્યુનીટી વધારે છે અને હિમોગ્લોબીન કાઉન્ટની માત્રામાં વધારો કરે છે. ત્વચા અને આંખો માટે જાંબુનુ સેવન ગુણકારી છે. સાથે જાંબુમાં પોટેશિયમ ખૂબ છે જે હૃદય માટે ગુણકારી છે. સાથે જાંબુના બીજના પાવડરનું સેવન શુગર કંટ્રોલ કરી શકે છે. જાંબુ તુરા અને ખાટા હોય છે જેથી વધુ પ્રમાણમાં તેનું સેવન કરવાથી ગળુ આવવાની સમસ્યા થઈ શકે છે.

●●●

### અલગ અલગ ભાષામાં જાંબુના નામ

ગુજરાતી - જાંબુ, જામ્બુડી
સંસ્કૃત - ફલેન્દ્રા, રાજજમ્બુ, મહાફાલા, સુરભીપત્રા, મહાજમ્બુ, જામ્બુ
હિન્દી - મોટા જાંબુ, ફડેન, ફલેન્દ, રાજજાંબુ
ઊર્દુ - જામન
ઓરીયા - જામો, ભૂતોજામો
કોકણી - જમ્બોલ
કનડા - જમ્બુ નેરાલે, નરાલા
તેલુગુ - નીરેડ, જામ્બૂવૂ
તામિલ - નવાલ, સમ્બલ
બંગાળી - જામ, કાલાજામ
નેપાળી - કાલો જાંમુન
પંજાબી - જામૂલ
મરાઠી - જામ્બૂલ, જામન, રાજા જામ્બૂલ
મલિયાલમ - નવલ, પેરીનરલ
અંગ્રેજી - બ્લેક પ્લમ, જમ્બોલન પ્લમ, જમ્બુલ ટ્રી



**જાંબુના પાંદડાના ગુણ**

● પાન સાથે દૂધ મીલાવી તેના રસથી હરસમાં લાભ થાય છે.

● પાંદડાને ગરમ પાણીમાં નાંખી કોગળા કરવાથી પેઢા મજબૂત બને છે.

● ઝેરી જીવજંતુ કરડયું હોય તો પાનની પેસ્ટ બનાવી લગાડવાથી લાભ થાય છે.

●●●

**જાંબુની છાલના ગુણ**

● છાલને પાણીમાં ઘસીને પીવાથી અપચો અને પેટની સમસ્યા દૂર થાય છે.

●●●

**જાંબુના ઠળીયાના ગુણ**

● ઠળીયાનું ચૂર્ણ મધ સાથે લેવાથી સ્વર સુધરે છે.

● ઠળીયામાં રહેલ જામ્બોલીન નામનું તત્વ સ્ટાર્ચને શર્કરામાં ફેરવતા રોકે છે જેથી ડાયાબિટીસમાં લાભ થાય છે.

● ઠળીયાનું ચૂર્ણ વાગ્યા પર લગાવવાથી જલ્દી રૂઝ આવે છે.



ગરમી અને સતત ઉકળાટ વચ્ચે પાણીની સૌ કોઈને જરૂરીયાત રહે છે. ગાંધીનગરની આસપાસ કુદરતી પાણીના કોઈ ખાસ સ્રોત ન હોવાથી અહીં રહેતા પ્રાણીઓ-પક્ષીઓ માટે ઉનાળા દરમિયાન પીવાના પાણીની વ્યવસ્થા કરવી જરુરી છે. ગાંધીનગરાઓ એમ પણ પ્રકૃતિ પ્રેમી છે. વળી અહીં વૃક્ષોની સંખ્યા વધુ હોવાથી પ્રાણીઓ પક્ષીઓની અવરજવર સવિશેષ રહે છે. આંગણે આવતા પંખીઓને પીવાનું પુરતું પાણી મળી રહે તે માટે શહેરમાં ઠેર ઠેર પાણીના કુંડા વસાહતીઓએ મુકયા છે. જો કુંડા ન હોય તો આવી રીતે જૂના મટકાનો ઉપયોગ કરીને પણ પ્રાણીઓ-પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા તો કરી જ શકાય ને....!!

## સે-૨૮ જીઆઈડીસી ખાતેથી રીક્ષાની ચોરી

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર શહેરના સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાંથી રીક્ષાની ઉઠાંતરી થવા પામી છે. રીક્ષા માલિકે રૂ. ૫૦ હજારની રીક્ષા અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૮ પ્લોટ નં.૮૦૨-૯ કે-૧ જીઆઈડીસી વિસ્તાર ખાતે રહેતા અનિલ થાપા સેકટર-૨૫ જીઆઈડીસી ઈલેકટ્રોનીક એસ્ટેટ ખાતે વેરહાઉસ આસીસટન્ટ તરીકે ફરજ બજાવે છે. નોકરીનો સમય સવારે ૯ થી સાંજના ૬ વાગ્યાનો છે, નોકરી આવન-જાવન માટે સીએનજી રીક્ષા જી.જે.૧૮.એ.એકસ.-૯૧૪૩ નો ઉપયોગ કરતો હતો. અનિલ થાપા ગત તા. ૨૧ જુનના રોજ નોકરીમાં રજા હોવાથી સેકટર-૨૮ ખાતે ઘરે હતા. રાત્રીના સમયે તેઓ સુઈ રહ્યા હતા તે સમયે રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં ગેટ આગળ રીક્ષા પાર્ક કરેલી હતી. જયારે સવારે ૬ વાગે ઉઠીને જોયુ તો રીક્ષા ન હતી. જેને પગલે ફરીયાદીએ આસપાસના વિસ્તારમાં તેમજ પોતાની રીતે શોધખોળ કરી હતી પરંતુ રીક્ષા મળી આવી ન હતી. જેથી અનિલ થાપાએ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૫૦ હજારની રીક્ષાની ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

## જિલ્લાના વાર્ષિક ક્રેડિટ પ્લાન ૨૦૨૦-૨૧ માટે રૂપિયા ૪,૧૪૩ કરોડના ધિરાણનો લક્ષ્યાંક

### જિલ્લા કલેકટરશ્રીના હસ્તે વાર્ષિક ક્રેડિટ પ્લાન – ૨૦૨૦-૨૧ની પુસ્તિકાનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને તાજેતરમાં વાર્ષિક ક્રેડિટ પ્લાન – ૨૦૨૦-૨૧ ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગાંધીનગર જિલ્લાની વાર્ષિક ક્રેડિટ પ્લાન -૨૦૨૦-૨૧ પુસ્તિકાનું વિમોચન કલેકટરશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ બેઠકના આરંભે એલ.ડી.એમ, ગાંધીનગર શ્રી પ્રકાશ વિજયવર્ગીય દ્વારા સર્વે સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે કલેકટરશ્રીને



માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લાની વાર્ષિક ક્રેડિટ યોજના અંતર્ગત વર્ષ-૨૦૨૦-૨૧ માટે કુલ- રૂપિયા ૪,૧૪૩ કરોડના ધિરાણનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેમાં રૂપિયા ૨૪૨૮ કરોડ કૃષિ અને કૃષિ સંબંધિત ક્ષેત્ર, રૂપિયા ૭૫૮ કરોડ ઉધોગ – ગ્રામિણ વિકાસ ક્ષેત્ર માટે અને રૂપિયા ૯૫૭ કરોડ કૃષિ ક્ષેત્ર સિવાયના ક્ષેત્ર માટે ફાળવણી કરવામાં આવી છે.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના શ્રી એચ.ટી.યાદવ, નાબાર્ડના ડી.ડી.એમ. શ્રી નિરજસિંહ, બેંક ઓફ બરોડાના ડી.આર.એમ શ્રી બલદેવ પટેલ, જિલ્લા કૃષિ અભિકારી શ્રી ડી.પી.જાદવ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં

## ઓનલાઈન શિક્ષણ દ્વારા ઉચ્ચ શિક્ષણને 'ઉદયમ' પ્રોજેકટ સાતત્યપૂર્ણ બનાવશે

ગાંધીનગર, તા.૨૫
નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસનો ફેલાવો શ્વાચ્છોશ્વાસ દ્વારા, ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો હોય છે. હાલમાં ફેલાયેલા કોરોના વાયરસ કોવિડ-૧૯થી તકેદારીના ભાગરૂપે શિક્ષણ વિભાગ દ્વારા સાવચેતીના પગલાં રૂપે વિદ્યાર્થીઓના હિતમાં વિવિધ પગલાંઓ લેવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના ઠરાવથી તા. ૨૨-૬-૨૦૨૦થી તમામ કોલેજો ખાતે ઓનલાઈન શૈક્ષણિક કાર્ય કરાવવા જણાવવામાં આવ્યું છે અને આ કામગીરી શરુ થઈ રહી છે.

કોરોના વાયરસની મહામારી હોવા છતાં વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર ન પડે તથા વિદ્યાર્થીઓના વિદ્યા-શિક્ષણ-તાલીમ સાથેનો સંબંધ સાતત્યપૂર્ણ બની રહે, અધ્યાપકો ઓનલાઈન શૈક્ષણિક કાર્ય કરે શકે તે જરુરી છે. આ માટે રાજયની સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની કોલેજો ખાતે એકસરખા માધ્યમથી ઓનલાઈન શૈક્ષણિક કાર્ય થઈ શકે અને એકસુત્રતા જળવાય તે માટેની વ્યવસ્થા ઉભી કરવા શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય દ્વારા 'અનલિમિટેડ ડિજીટલ એડવાન્સ્ડ યર લોન્ગ એકેડેમિક મેથડ-ઉદયમ' પ્રોજેકટ અમલમાં મુકવામાં આવ્યો છે.

આ પ્રોજેકટ અંતર્ગત શિક્ષણ વિભાગ હસ્તકની કચેરીઓ/સંસ્થાઓ/સોસાયટીઓ ખાતે કાર્ય કરતા અધિકારીઓ અને સરકારી યુનિવર્સિટીઓ, સરકારી અને અનુદાનિત કોલેજો, ગ્રામ વિદ્યાપીઠો ખાતે કાર્ય કરતા આચાર્ય, અધ્યાપકો તથા અન્ય સ્ટાફ અંગેની વિગતો સહેલાઈથી મળી રહે તે માટે 'કોમન ગેટવે ઓફ એજયુકેશન એન્ડ ટેકનોલોજી-કોજન્ટ' પોર્ટલ પ્લેટફોર્મ ડેવલપ કરવામાં આવ્યું છે. જેમાં તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ અંગેની સર્વિસ સંબંધિત માહિતી સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે. તમામ શૈક્ષણિક સંસ્થાઓની માહિતી સિંગલ પ્લેટફોર્મ મારફત મળવાથી સરકારની વખતો વખતની યોજનાઓનું અમલીકરણ સરળતાથી થઈ શકશે.

આ પોર્ટલમાં ૬૩ ટેકનિકલ કોલેજો, ૧૦૯ સરકારી ઉચ્ચ શિક્ષણની કોલજો, ૩૫૬ અનુદાનિત ઉચ્ચ શિક્ષણની કોલેજો અને ૧૨ ગ્રામવિદ્યાપીઠોનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે તથા આ પોર્ટલમાં ૫૦૦૦ જેટલા સરકારી અને અનુદાનિત ટેકનિકલ કોલેજોના શૈક્ષણિક અને અન્ય સ્ટાફ, ૧૭૦૦ જેટલા સરકારી ઉચ્ચ શિક્ષણની કોલેજો ખાતે કાર્ય કરતા શૈક્ષણિક અને અન્ય સ્ટાફ, ૫૭૦૦ જેટલા અનુદાનિત ઉચ્ચ શિક્ષણની કોલેજો અને ૧૨૦ ગ્રામવિદ્યાપીઠો કાર્ય કરતા શૈક્ષણિક અને અન્ય સ્ટાફનો સમાવેશ થનાર છે.

રાજયની સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપકો ઓનલાઈન શૈક્ષણિક કાર્યસરળતાથી કરી શકે તે માટે કેજીસી મારફત અધ્યાપકોની માઈક્રોસોફટ પ્લેટફોર્મ પર તાલીમ આપવામાં આવી રહેલ છે. જેમાં આશરે ૧૦,૦૦૦ જેટલા અધ્યાપકોને પ્રાથમિક તાલીમ આપેલ છે અને વર્ષ દરમિયાન સતત તાલીમ ચાલુ રાખવામાં આવશે.

## રૂપાલ ગામે ત્રણ શખ્સોએ ધોકા વડે હુમલો કરતા યુવક ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર નજીક આવેલા રૂપાલ ગામે બળીયાદેવ મંદિરના નાકે રાત્રીના સુમારે એક યુવકને ત્રણ શખ્સોએ ધોકા વડે માર માર્યો હોવાની ઘટના બનવા પામી છે. શખ્સોએ યુવક પર જુની અદાવતને લઈ હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. યુવકના હાથે પગે ધોકા વડે માર મારી ઈજા પહોંચાડીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા યુવકે ત્રણ શખ્સો સામે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ રૂપાલ ગામે ચાવડા વાસ ખાતે રહેતા જીગ્નેશ શાન્તુજી ચાવડા (ઉં.૩૨) પોતાના ભાઈ સાથે રહે છે અને છુટક મજુરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે ગત તા.૨૨ જુનના રોજ રાત્રીના સુમારે ખેતી કામ પતાવીને હું તેમજ વિષ્ણુભાઈ રાઠોડ મારા બાઈક પર ઘરે જઈ રહ્યા હતા તે સમયે રૂપાલ ગામે બળીયા દેવ મંદિરના નાકે ગામના પ્રકાશજી પ્રતાપજી ઠાકોર, ટીનાજી ઉર્ફે ભૈરવજી કેશાજી ઠાકોર, અને વનરાજજી જગાજી ઠાકોરે બાઈકને ઉભી રખાવી હતી. હાથમાં ધોકા સાથે રહેલા ત્રણેય યુવકોએ ગાળો બોલીને ફરીયાદીને બંને પગે તેમજ ડાબા હાથે ધોકા વડે માર મારતા ઈજા પહોચી હતી. ફરીયાદીએ હોહા મચાવતા તેમજ વિષ્ણુભાઈ વચ્ચે પડીને વધુ મારમાંથી બચાવ્યો હતો. ટીનાજી સાથેની જુની તકરારને પગલે આ માથાકુટ થઈ હોવાનુ જાણળા મળ્યું છે. જ્યારે ઈજાને પગલે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## ચિલોડા-મગોડી માર્ગ પર સવારે રીક્ષા-બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૨૫
ચિલોડા થી મગોડી તરફ જતા માર્ગ પર ગતરોજ સવારના સુમારે રીક્ષા અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકને જમણા હાથે-પગે ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે પોલીસે બાઈક ચાલકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ દહેગામ તાલુકાના સાહેબજીના મુવાડા ગામના મહોબતસિંહ પ્રતાપસિંહ ઝાલા નરોડા એસટી વર્કશોપ ખાતે વોચમેનની નોકરી કરે છે. બુધવારના રોજ સવારના સુમારે ઘરે થી મહોબતસિંહ પોતાનું બાઈક નં. જી.જે.૧૮.સી.સી.-૨૪૩૭ લઈને નોકરી જવા માટે નીકળ્યા હતા. ત્યારે મગોડી થી ચિલોડા તરફ એપ્રોચ માર્ગ પર મમૈયા માતાજીના મંદિર પાસે ચિલોડા તરફથી પુરઝડપે આવી રહેલી રીક્ષા નં.જી.જે.૧૮.એ.વાય.૪૭૬૩ ના ચાલકે બાઈક સાથે અથડાવી હતી. અકસ્માતને પગલે રીક્ષા ચાલક તેમજ આસપાસના નાગરીકો એકઠા થઈ ગયા હતા. ઈજા પહોંચી હોવાથી ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયાં ફ્રેકચર હોવાથી ઓર્થોપેડીક વોર્ડમાં સારવાર લઈ રહ્યા છે. બનાવ અંગે રીક્ષા ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરુ કરી છે.

## પેથાપુરમાંથી વરલી-મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૫
પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પેથાપુર તરપોજ વાસ ચકલા ખાતે એક શખ્સ ફોન પર વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. જેથી પોલીસે શાહરૂખ જાકીરભાઈ મનસુરીને પકડી પાડી બે મોબાઈલ કિં. ૪૦૦૦ હજાર અને અંગજડતીમાંથી રોકડ રૂ.૧૩૦ સાથે કુલ રૂ. ૪૧૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## અરવિંદ કેન્દ્રમાં નિયમિત યોગના વર્ગો શરુ કરાયા

ગાંધીનગર, તા. ૨૫
શ્રી અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે નિયમિત ચાલતા યોગાસન અને પ્રાણાયામના વર્ગો હવે સોશિયલ ડિસ્ટન્સીંગનું ધ્યાન રાખી માસ્ક ફરજીયાત કરી શરુ કરવામાં આવ્યા છે. યોગ કરવાથી રોગપ્રતિકારક શકિત વધે તે ઉદ્દેશ્યથી દરરોજ સાંજે ૬ વાગ્યાથી ૭ વાગ્યા સુધી યોગ નિર્દેશક રમણલાલ શ્રીમાળીના યોગાસનના વર્ગોનો લાભ લેવા નગરજનોને જણાવાયું છે.

## સામાજિક કાર્ય ક્ષેત્રે અનુસ્નાતક થઈ યુવાનો સમાજને ઉપયોગી બની શકે

ગાંધીનગર, તા.૨૫
માનવીએ જેમ જેમ વિકાસ સાધ્યો છે તેમ તેમ માનવીનું જીવન વધુને વધુ ઝડપી અને તણાવયુકત બનતું ગયું છે અને સ્પર્ધાત્મકતામાં વધારો થવાથી પણ સમાજમાં માનસિક તણાવની સમસ્યામાં વધારો થઈ રહ્યો છે. વળી, આ સ્થિતિમાં કોરોના વાયરસ જેવી મહામારીના કારણે વિશ્વભરમાં ચિંતા અને પરેશાનીનું વાતાવરણ સર્જાઈ રહ્યું છે. વિશ્વના મોટા ભાગના દેશમાં લોકડાઉનની સ્થિતિ ચાલી રહી છે અને આ એક વિકરાળ સમસ્યાએ દરેક વ્યકિતના જીવન પર ઘેરી અસર કરી છે. આ સ્થિતિમાં દરેક વ્યકિત કોઈકની સહાય ઝંખી રહી છે જે તેને નૈતિક અને માનસિક સધિયારો પુરો પાડી શકે જેનાથી તે તણાવમુકત રહી શકે અને તેના મનને શાંતિ મળે. આ કાર્ય એક સામાજિક કાર્યકર વધુ સારી રીતે કરી શકે છે અને આજે સમાજમાં સામાજિક કાર્યકરોની ખૂબ જરૂરિયાત જણાઈ રહી છે. ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એમઆઈપીએલવીપી ઈન્સ્ટિટયુટ ઓફ સોશ્યલ વર્ક દ્વારા 'માસ્ટર ઈન સોશ્યલ વર્ક' નો વિશિષ્ટ કોર્સ શરુ કરવામાં




આવ્યો છે જે યુવાનોને સામાજિક કાર્યકર બનવાની તક પુરી પાડશે.

સમાજમાં રહેતા વિવિધ જુથો જેવા કે બાળકો, યુવાનો, મહિલાઓ, વૃધ્ધો, સમુદાયો વગેરે સાથે કરવામાં આવેલ પરામર્શ, તેમની વાતોનું અર્થઘટન, તેમની લાગણીઓનો પુરતો અભ્યાસ કરીને તેમને શાંતિ પહોંચાડવી તે એક વ્યવસાયિક સામાજિક કાર્યનો ભાગ છે. સામાજિક કાર્યનો કોર્સ એમએસડબલ્યુ, એ સમસ્યાઓના ઉંડાણમાં અભ્યાસ અને નિરાકરણની તક પુરી પાડે છે અને આવી પરિસ્થિતિમાં તણાવગ્રસ્ત માનવીઓની ખૂબ જ મદદ કરી શકે છે. આ પ્રકારના સામાજિક લીડર્સ તૈયાર કરવા કેએસવી સંલગ્ન એમઆઈપી વીએલપી ઈન્સ્ટિટયુટ ઓફ સોશ્યલ વર્કનો આ વિશિષ્ટ કોર્સ અનુસ્નાતકની પદવી સાથે વિદ્યાર્થીઓને સારી કારકીર્દી આપી શકે છે. જેમાં સરકારી તથા બિનસરકારી સંસ્થાઓ સાથે કાર્ય કરવાની તકો પુરી પાડશે. કેએસવીમાં વિદ્યાર્થીઓ માટે આ માટે નિઃશુલ્ક શિક્ષણ તથા બોર્ડિંગ સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે અને અત્યારે તેમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે.

## ચિલોડા સર્કલ પાસેથી કારમાંથી બે બોટલ દારૂ સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫
ચિલોડા સર્કલ પાસે કારમાંથી વિદેશી દારુની બે બોટલ સાથે બે શખ્સો ઝડપાયા છે. ચિલોડા પોલીસ વાહન ચેકિંગમાં હતી. ત્યારે હિંમતનગર તરફથી આવી રહેલી આર.જે.૦૩.સી.બી.૩૯૮૯ આઈ-૨૦ કાર આવી હતી. જેમાં તપાસ કરતા દારુની બે બોટલ મળી આવી હતી.કારમાં બેઠેલા બે શખ્સોનું નામ પુછતા તેઓ રાજસ્થાનના બાંસવાડાના ભરતભાઈ હીરાલાલ પંચાલ (ઉં.૪૨) તેમ હિતેશ રમેશજી પંચાલ (ઉં.૪૦) હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને પગલે પોલીસે રૂ.૧૮૪૨ ની કિંમતનો દારૂ અને રૂ.૪.૫૦ લાખની કાર જપ્ત કરી બંને શખ્સો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા ભુરૂસિંહ રાયસિંહ, ઉ.વ. ૫૦, મુ. પીંડારડા
- સ્વ. પ્રહલાદજી ગાંડાજી ઠાકરડા, ઉ.વ. ૫૭, માણેકપુરા, તા.માણસા